RE-ACCREDITED GRADE 'B++' (CGPA:2.84) BY NAAC (2017-2022) AND GRADE "A" BY KCG (CGPA:3.02)

# DR. V. R. GODHANIYA COLLEGE OF ARTS, COMMERCE, HOME SCIENCE & IT FOR GIRLS, PORBANDAR

# DAILY NEWS BRIEF


Chief Editor : Dr. Ketan Shah, Incharge Principal

Editor : Bhavesh Modha

Source : Bhaskarbhai Jani, Librarian

Media Partner : Satish Ravat


## GET IN TOUCH WITH COLLEGE

https://www.drvrginstitute.org/

DON'T FORGET TO VISIT OUR NEW WEBSITE

You tube

Facebook

Instagram

DRVRGCCPBR1988

Tweeter

**Dt. 24/03/2023, Friday**

## લોકો જાગૃત બને તો ભવિષ્યમાં મોટું જોખમ ટાળી શકાય

# હિમાલયમાં ગમે ત્યારે ખતરનાક ભૂકંપ આવવાની શક્યતા : વિજ્ઞાનિકોની ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૩

વિજ્ઞાનિકોએ ભારતમાં ભૂકંપની શક્યતા વ્યક્ત કરી છે. હિમાલયન રેન્જમાં પૃથ્વીના પેટાળમાં સતત હિલચાલ થઈ રહી હોવાથી દેશમાં ગમે ત્યારે ભૂકંપ આવી શકે છે. ખાસ તો પૂર્વોત્તર રાજ્યો પર ભૂકંપનો ખતરો વધારે છે. ભારત-પાકિસ્તાન અને ચીન ભૂકંપથી પ્રભાવિત થઈ શકે છે.

## હિંદુકુશ પર્વતમાળા અને હિમાલયન રેન્જમાં સેંકડો ફોલ્ટલાઈન હોવાથી અસ્થિર પેટાળમાં ૭ની તીવ્રતાના ધરતીકંપનો ખતરોઃ વિજ્ઞાનિકોનો રિપોર્ટ

દેહરાદૂન સ્થિત વાડિયા હિમાલયન જિયોલોજી ઈન્સ્ટિટ્યૂટના વિજ્ઞાનિકોએ દહેશત વ્યક્ત કરી છે કે ભારતમાં ગમે ત્યારે ભૂકંપ આવી શકે છે. હિમાલયના પેટાળમાં એનું એપી સેન્ટર હોઈ શકે અને તેની અસર સમગ્ર ભારત સહિત વિશેષ પૂર્વોત્તરના રાજ્યોમાં થઈ શકે છે. જોખમ ઘટાડવા લોકોમાં જાગૃતિ આવે એ દિશામાં કામ કરવાની જરૂરિયાત પર વિજ્ઞાનિકોએ ભાર મૂક્યો હતો.

આ ઈન્સ્ટિટ્યૂટના સીનિયર સાયન્ટિસ્ટ ડૉ. અજય પોલે કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં તાજેતરમાં આવેલા ભૂકંપનું એપી સેન્ટર ખૂબ પેટાળમાં હતું. તેના કારણે એની અસર બહુ બધા દેશોમાં થઈ હતી. આ આખો વિસ્તાર સિસ્મિક ઝોન-૫માં હોવાથી ભૂકંપની દહેશત હંમેશા રહે છે. હિંદકુશ પર્વતમાળા, હિમાલયન પર્વતીય રેન્જ અને કારાકોરમમાં સેંકડો ફોલ્ટલાઈન છે. તેના આંતરિક ટકરાવથી પેટાળમાં અસ્થિરતા રહે છે અને તે ભૂકંપનું કારણ બને છે. આ ફોલ્ટલાઈનમાં થોડી ઘણી હિલચાલ થાય

(અનુસંધાન ૧૧મે પાને)

એઆઈ ચેટબોટની ટેકનોલોજી હવે સર્ચ એન્જિનથી ઘણી આગળ વધી ગઈ છે

# ઓફિસ કામકાજ હવે AI ને હવાલે



પહેલાં માઈક્રોસોફ્ટે તેના સર્ચ એન્જિનમાં ચેટજીપીટી આધારિત, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઉમેરી દીધી. પછી ગૂગલે પણ જાહેરાત કરી કે તેના સર્ચ એન્જિનમાં પણ આવાં ફીચર આવી રહ્યાં છે. પછી માઈક્રોસોફ્ટે તેના બિઝનેસ અને ઓફિસ પ્રોગ્રામ્સમાં એઆઈ આધારિત 'કોપાઈલોટ' ઉમેરી દીધો અને ગૂગલે જાહેરાત કરી કે તેના વર્કસ્પેસ ઓફિસ સ્યૂટના પ્રોગ્રામ્સમાં પણ આવી સુવિધાઓ આવી રહી છે!

આમાં તમને કોઈ પેટર્ન દેખાઈ? માઈક્રોસોફ્ટ કંઈક નવું લાવે છે, લોન્ચ કરી દે છે અને આપણે યૂઝર્સ તેનો ઉપયોગ પણ કરવા લાગીએ છીએ. જ્યારે ગૂગલ દર વખતે કહે છે કે તેના પ્રોગ્રામ્સમાં પણ આવી સુવિધાઓ આવશે, 'ટ્રસ્ટેડ ટેસ્ટર્સ' તેને ચકાસી રહ્યા છે, તમે રાહ જુઓ!

ગૂગલ અને માઈક્રોસોફ્ટ બંને જાણે છે કે અત્યારે આ ટેક્નોલોજી આપણા જેવા યૂઝર્સ માટે સચોટ રીતે તૈયાર નથી, છતાં માઈક્રોસોફ્ટને ગૂગલને હરાવવાની ઉતાવળ અને ગૂગલ ફૂંકી ફૂંકી આગળ વધવા માગે છે. તેમ છતાં, ગૂગલે જે બતાવ્યું છે તે થોડું વધુ ઈન્ટરેસ્ટિંગ છે!

બેઝિકલી અત્યારે ચેટજીપીટી અને માઈક્રોસોફ્ટ બિંગ સર્ચ એન્જિનમાં જે શક્ય બની ગયું છે એ આવનારા સમયમાં જીમેઈલ તથા ગૂગલ ડ્રાઈવમાં ડોક્સ, શીટ્સ અને સ્લાઈડ્સમાં પણ શક્ય બનશે. જોકે ઘણી જુદી રીતે. ગૂગલ કહે છે કે આવતા એક વર્ષ દરમિયાન ટેસ્ટર્સની સંખ્યા સતત વધતી જશે. આનો એક અર્થ એવો પણ થયો કે આપણા સુધી આ ફીચર્સ પહોંચતાં એકાદ વર્ષ જેટલો સમય પણ લાગી શકે છે.

ગૂગલ કહે છે કે સર્ચ, જીમેઈલ, ગૂગલ ડ્રાઈવ વગેરેમાં વિશ્વસ્તરે એઆઈ આધારિત ટૂલ્સ ઉમેરવા એ ઘણી બધી બાબતોની કાળજી માગી લેતું કામ છે. તેમાં કન્ટેન્ટની ચોકસાઈ અને યૂઝરના ડેટાની પ્રાયવસી બંને જળવાય તે સૌથી અગત્યનું છે. એટલે માઈક્રોસોફ્ટને કારણે દબાણમાં હોવા છતાં ગૂગલ આ બધા ફીચર્સ આપણા સુધી પહોંચાડવામાં બિનજરૂરી ઉતાવળ કરવા માગતી નથી.

આટલી પૂર્વભૂમિકા સાથે જીમેઈલ અને ગૂગલ ડ્રાઈવમાં કેવાં ફીચર ઉમેરાઈ રહ્યાં છે અને તેનાથી અત્યારે કઈ તકલીફો ઉકેલાશે અને કેવી નવી તકલીફો સર્જાશે એની વાત કરીએ. જો તમે કોઈ નાનામોટા બિઝનેસમાં સંકળાયેલા હો તો નીચે જણાવેલાં ફીચર્સ વધુ સહેલાઈથી સમજી શકશો.

**ગૂગલ અને માઈક્રોસોફ્ટ બંનેના ઓફિસ પ્રોગ્રામ્સમાં એઆઈનો મોટા પાયે ઉપયોગ શરૂ થઈ ગયો છે.**

**અત્યાર સુધી બંનેમાં એઆઈનો ઉપયોગ હતો જ, પણ તેની ભૂમિકા આપણું કામ સહેલું બનાવવા પૂરતી સીમિત હતી.**

**હવે એઆઈ આપણું બધું જ કામકાજ સંભાળી લેવાના મૂડમાં છે! આપણે ફક્ત શું જોઈએ છે તે કહેવાનું!**

આખી દુનિયા હચમચાવી દેનારી ચેટજીપીટી ટેકનોલોજીનું લેટેસ્ટ વર્ઝન આવી ગયું છે

# ChatGPT-4 આવી ગયું : તેમાં હજી નવું શું છે?

## શબ્દોની મર્યાદા વધી




ચેટજીપીટી-૩ને આપણે કંઈક પૂછીએ એટલે તે ૧૭૫ અબજ જેટલા પેરામીટર્સને આધારે આપણે શું પૂછ્યું છે તે સમજે અને પછી એટલા જ પેરામીટર્સ તથા પોતાના ડેટાને આધારે આપણને આપવાનો જવાબ તૈયાર કરે - આ બધું ગણતરીની સેકન્ડમાં થાય! પરંતુ જવાબ જ્યાં સુધી ૩-૪ હજાર શબ્દોની મર્યાદામાં રહે ત્યાં સુધી ઠીક, એથી આગળ જાય તો આ ચેટબોટ ગોથાં ખાય અને જવાબમાં પણ ગોટાળા ઉમેરાય. એટલે જ અત્યાર સુધી માઈક્રોસોફ્ટ બિંગમાં ચેટબોટ સાથે એક સેશનમાં પ્રશ્નોની સંખ્યા અને જવાબની લંબાઈ પર નિયંત્રણો છે. હવે ચેટજીપીટી-૪ કુલ ૨૫,૦૦૦ શબ્દોને કોન્ફીડન્ટલી

## ઈમેજ પણ હેન્ડલ કરશે



અત્યાર સુધી ચેટજીપીટીમાં આપણે ચેટબોટ સાથે ટેક્સ્ટ આધારિત વાતચીત કરી શકતા હતા. આપણે તેને પ્રશ્ન ટાઈપ કરીને પૂછીએ એટલે તે ટાઈપ્ડ શબ્દોમાં જ જવાબ વાળે. આમ બધી વાતચીત શબ્દો આધારિત હતી.

હવે ચેટજીપીટી-૪માં 'મલ્ટિમોડલ ફંક્શનાલિટી' ઉમેરાઈ છે, એટલે કે તે ટેક્સ્ટ ઉપરાંત ઈમેજ પણ હેન્ડલ કરી શકે છે. મતલબ કે ચેટજીપીટી-૪ને શબ્દો ઉપરાંત ઈમેજ બતાવી શકાય છે અને તે, ઈમેજમાં શું છે સમજી શકે છે.

જોકે આ પછી તે પોતાના જવાબ હજી પણ શબ્દોમાં જ આપે છે. હજી એવી પણ શક્યતા છે કે ચેટજીપીટી-૪

## વિઝ્યુઅલ ચેટજીપીટી




ચેટજીપીટી-૪ અત્યારે ઈમેજમાં શું છે તે બરાબર સમજી શકે છે, વીડિયોમાં શું છે એ પણ તે ટૂંક સમયમાં સમજવા લાગશે. પણ માઈક્રોસોફ્ટ એથી આગળ વધવા માગે છે. કંપની હવે 'વિઝ્યુઅલ ચેટજીપીટી' પર ફોકસ કરી રહી છે.

આથી આપણે ચેટજીપીટી સાથે શબ્દોમાં વાતચીત કરતાં કરતાં તેમાં ઈમેજ કે વીડિયો અપલોડ કરી શકીશું અને પછી તેને તેમાં જોઈતા ફેરફાર કરવા માટે કહી શકીશું!

નોંધવા જેવી વાત એ છે કે ગૂગલ અને મેટાની એઆઈ સિસ્ટમ અત્યારે આવું કરી જ શકે છે, ફક્ત તે જનરલ

## ઉપયોગ કેવી રીતે?



હવે રહી વાત આ નવા ચેટજીપીટી-૪નો ઉપયોગ કરવાની. માઈક્રોસોફ્ટ કહે છે કે તેણે બિંગ સર્ચ એન્જિનમાં આ નવી ટેક્નોલોજી સાંકળી લીધી છે. તમે બિંગ પર જઈને તેનો ઉપયોગ કરી શકો, નવાં ફીચર્સ આવતાં કદાચ વાર લાગી શકે. કદાચ તમારે નવા બિંગ માટેનું વેઈટલિસ્ટ પણ જોઈ કરવું પડે.

માઈક્રોસોફ્ટ ૩૬૫ પ્રોગ્રામ્સ એટલે કે વર્ડ, એક્સેલ, પાવરપોઈન્ટ વગેરેમાં પણ નવા ચેટજીપીટી-૪નો ઉપયોગ થવાની શક્યતા છે. એ સિવાય મૂળ ઓપનએઆઈ કંપની આ નવી ટેક્નોલોજી વિવિધ કંપનીને એપીઆઈ સ્વરૂપે ઉપલબ્ધ કરી રહી છે. ઓપનએઆઈ પર ચેટજીપીટી-૩